# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/314 Dt. 29/01/2026

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા કલાની ઉજવણી હવે દરિયાકાંઠે, ૨૧ અને ૨૨ ફેબ્રુઆરીએ લંગર ખાતે 'ડુમસ આર્ટ ફેસ્ટિવલ– ૨૦૨૬' યોજાશે

### કલાકારો દ્વારા પેઈન્ટિંગ (બધા પ્રકાર), શિલ્પકલા, સ્કેચિંગ અને ડ્રોઈંગ, કેલિગ્રાફી, ડિજિટલ આર્ટ, ફોટોગ્રાફી, ઇન્સ્ટોલેશન આર્ટ, ક્રાફ્ટ અને હેન્ડમેડ આર્ટ, માટી અને પોટરી આર્ટ, ફેબ્રિક અને ટેક્ષ્ટાઇલ આર્ટ, ગ્લાસ આર્ટ, વુડ આર્ટ, મેટલ આર્ટ, મિક્સ્ડ મિડિયા, લાઈવ આર્ટ/પરફોર્મન્સ આર્ટ, સંગીત (લાઈવ બેન્ડ અથવા વાદ્ય સંગીત – સોલો), ટેરોટ કાર્ડ રીડિંગ આર્ટ, ધ્યાન અને હીલિંગ આર્ટનું પ્રદર્શન કરાશે

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની આર્ટ એન્ડ કલ્ચર કમિટી દ્વારા તા. ૨૧ અને ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બે દિવસ દરમ્યાન ડુમસ સ્થિત લંગર ખાતે 'ડુમસ આર્ટ ફેસ્ટિવલ– ૨૦૨૬'નું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ ફેસ્ટિવલનો હેતુ કલાકારોને તેમની કલા પ્રદર્શિત કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. દરિયાકાંઠે યોજાતો આ ફેસ્ટિવલ, કલાને લોકો સુધી નજીક લાવવાનો પ્રયાસ છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરતમાં કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવતું આ મહત્વપૂર્ણ આયોજન છે.

તેમણે વધુમાં કહ્યું કે, ચેમ્બર દ્વારા સુરતમાં કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાની દિશામાં લેવાયેલું આ એક મહત્વપૂર્ણ પગલું છે. ચેમ્બરનું માનવું છે કે આવા કાર્યક્રમો દ્વારા સ્થાનિક તેમજ રાષ્ટ્રીય સ્તરના કલાકારોને યોગ્ય ઓળખ અને પ્રોત્સાહન મળે છે.

આર્ટ ફેસ્ટિવલ સવારે ૭.૦૦થી ૧૧.૦૦ અને સાંજે ૪.૦૦થી ૯.૦૦ કલાક દરમિયાન ખુલ્લો રહેશે, જેમાં કલાકારો દ્વારા પેઈન્ટિંગ (બધા પ્રકાર), શિલ્પકલા, સ્કેચિંગ અને ડ્રોઈંગ, કેલિગ્રાફી, ડિજિટલ આર્ટ, ફોટોગ્રાફી, ઇન્સ્ટોલેશન આર્ટ, ક્રાફ્ટ અને હેન્ડમેડ આર્ટ, માટી અને પોટરી આર્ટ, ફેબ્રિક અને ટેક્ષ્ટાઇલ આર્ટ, ગ્લાસ આર્ટ, વુડ આર્ટ, મેટલ આર્ટ, મિક્સ્ડ મિડિયા, લાઈવ આર્ટ/પરફોર્મન્સ આર્ટ, સંગીત (લાઈવ બેન્ડ અથવા વાદ્ય સંગીત – સોલો), ટેરોટ કાર્ડ રીડિંગ આર્ટ, ધ્યાન અને હીલિંગ આર્ટનું પ્રદર્શન કરવામાં આવશે.

આ ફેસ્ટિવલ દ્વારા સુરત એક નવી કલાત્મક ઓળખ ઉભી કરશે, જ્યાં કલા માત્ર જોવામાં નહીં પરંતુ અનુભવવામાં પણ આવશે. આ ફેસ્ટિવલ તમામ વયના લોકો માટે ખુલ્લો રહેશે. કલાકારો અને કલાપ્રેમીઓ સીધા જોડાઈ શકશે. અહીં કલાકારો પોતાની કૃતિઓ પ્રદર્શિત કરશે તેમજ કેટલાક ક્ષેત્રોમાં લાઈવ આર્ટ અને પરફોર્મન્સ દ્વારા દર્શકોને જીવંત અનુભવ પણ મળશે. શહેરીજનો માટે પરિવાર સાથે મુલાકાત લેવા માટે આ એક અનોખો કાર્યક્રમ બનશે.